**સાતમા પગાર પંચના અમલ સંદર્ભે સર્વે કર્મચારીઓની ઓનલાઈન પગાર બાંધણીની ઓન લાઈન ચકાસણી (Verification) કરવા બાબત**

ગુજરાત સરકાર

નાણા વિભાગ

**પરિપત્ર ક્રમાંક: પગર-૧૦-૨૦૧૬-ઓ-૫૭૮(૨૧)-પગાર એકમ**

બ્લોક નં-૪/૭, સરદાર ભવન,

સચિવાલય, ગાંધીનગર.

**તા.૦૩/૦૭/૨૦૧૮**

**વંચાણે લીધા:**

(૧) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક: પગર-૧૦૨૦૧૬-૧-પગાર એકમ તા.૧૬/૦૮/૨૦૧૬

(૨) નાણા વિભાગનું જાહેરનામું ક્રમાંક: (જીએન-૪૯) પગર-૧૦૨૦૧૬-૨-પગાર એકમ તા.૧૯/૦૮/૨૦૧૬

(૩) નાણા વિભાગનો પરિપત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૧૭-૯-પગાર એકમ તા.૨૩/૦૩/૨૦૧૭

(૪) નાણા વિભાગનો પરિપત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૧૬-ઓ-૫૭૮(૧૪)-પગાર એકમ તા.૨૬/૦૯/૨૦૧૭

(૫) નાણા વિભાગનો પરિપત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૧૬-ઓ-૫૭૮(૧૬)-પગાર એકમ તા.૦૭/૦૨/૨૦૧૮

(૬) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક: પગર-૧૦૨૦૧૫-૪૭૪-૧૮-પગાર એકમ તા.૧૩/૦૩/૨૦૧૮

## <u>પરિપત્ર</u>

રાજ્ય સરકાર દ્વારા નાણા વિભાગના ઉપર વંચાણે લીધા (૩) માં દર્શાવેલ પરિપત્રથી સાતમા પગાર પંચના અમલ સંદર્ભે ઓનલાઇન પગાર બાંધણીની ઓનલાઇન ચકાસણી (Verification) માટે કાર્યપધ્ધતિ નિયત કરવામાં આવેલ છે. છેલ્લે ઉપર વંચાણે લીધા (૫) માં દર્શાવેલ પરિપત્રથી **તા.૩૧/૦૩/૨૦૧૯** સુધીમાં નિવૃત થયેલ/થનાર કર્મચારીઓના ઓનલાઇન પગાર બાંધણીના કેસ ઓનલાઇન ચકાસણી માટે પગાર ચકાસણી એકમ-હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરને તાત્કાલિક મોકલી આપવાની સૂચના પરિપત્રિત કરવામાં આવેલ છે. તેમાં પુનઃ વિચારણા બાદ હવે સર્વે વહીવટી વિભાગો/ખાતાના વડાની કચેરીઓ/કચેરીના વડાની કચેરીઓને તેમની કચેરીમાં ફરજ બજાવતા **સર્વે કર્મચારીઓના** સાતમા પગાર પંચ મુજબના ઓનલાઈન પગાર બાંધણીના કેસો ઓનલાઈન ચકાસણી (Verification) માટે પગાર ચકાસણી એકમ (PVU)-હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરને મોકલી આપવાની સૂચના આપવામાં આવે છે.

તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીમાં નિવૃત થયેલ/થનાર કર્મચારીઓના ઓનલાઇન પગાર બાંધણીના કેસ તા.૦૭/૦૨/૨૦૧૮ ના પરિપત્રની સૂચના અનુસાર અગ્રતાને ધોરણે મોકલી આપવાના રહેશે.

(પાછળ)

વધુમાં ઓનલાઇન પગાર બાંધણીના કેસ ઓનલાઇન ચકાસણી માટે મોકલતા અગાઉ આ વિભાગના તા.૨૩/૦૩/૨૦૧૭ ના પરિપત્રથી પરિપત્રિત કરવામાં આવેલ કાર્યપધ્ધતિ અનુસાર જરૂરી વિગતોની કચેરી-DDO કક્ષાએ ચકાસણી કરી-બિડાણો (on line attachments) સામેલ કરીને મોકલવામાં આવે તેની કાળજી રાખવા જણાવવામાં આવે છે જેથી બિનજરૂરી વિલંબ ટાળી શકાય.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(શૈલેષ વિ. પરમાર)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,
* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રીઓ/ રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી.
માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુ. વિ. સ., સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, (૧) ઓડીટ, અમદાવાદ.
સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(૨) (એ. એન્ડ ઈ.), રાજકોટ.
સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(૨) (એ. એન્ડ ઈ.), અમદાવાદ.
સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(ઓડીટ), રાજકોટ.
સર્વે ખાતાના વડાઓ/કચેરીના વડાઓ/કલેક્ટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર.
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવીડન્ટ ફંડ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર.
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, નર્મદા યોજના, ગાંધીનગર/વડોદરા.
સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ.
નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ.
આઈ.ટી. કો-ઓર્ડીનેટર, નાણા વિભાગ.
ઉપરોકત પરિપત્રની નકલ નાણા વિભાગની વેબ સાઈટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાથે.
પસંદગી ફાઈલ નાણા વિભાગ - મ, ચ, પ અને ઝ શાખા
* પત્ર દ્વારા